પ્રેમમાં થોડી ઘણી રકઝક હશે,
ભીતરે ચાહત પછી અઢળક હશે.

શી નજાકત પ્રેમમાં દીઠી અને,
ફૂલનો એ ત્યારથી ચાહક હશે.

આમ તો એ જાત છે શાયર તણી,
પ્રેમ સંવેદન થયા બેશક હશે.

એકદા બસ નામ લીધું પ્રેમથી,
તે પછી હૈયું થયું ધક-ધક હશે.

સાવ એ બારીક ક્ષણો છે પ્રેમની,
શી મુલાયમતા ભરી એ તક હશે.

કર ખુદાની બંદગી રમઝાનમાં,
રૂહ થશે પાકીઝગી રમઝાનમાં.

લ્યો નમાઝીમય વળી ધડકન બને,
રોશનીમય જિંદગી રમઝાનમાં.

જો પઢો કુરાન તમે તન્મય બની,
આયતોથી તાજગી રમઝાનમાં.

રાખજો રોઝા સદા આ માસમાં,
હો રૂહાની સાદગી રમઝાનમાં.

સૌ ગુનાહો માફ કરશે એ સખી,
બસ ખુદાની બંદગી રમઝાનમાં.

ફર્ઝ રોઝા તો થયા સન બે મહીં,
છે અઝાની દિલ્લગી રમઝાનમાં.

શેર 'ચાતક' રૂહ થકી જો નીકળે,
તો ખરી દીવાનગી રમઝાનમાં.

મોક્ષને પામતાં પહેલાં શું પામવું?
ધર્મ છે, અર્થ છે, કામ છે જાણવું.

ગેય ગીતા, વળી નામ વિષ્ણુ તણાં,
કર્મ, ભક્તિ તથા જ્ઞાનનું સ્થાપવું.

છે અહીં તત્ત્વને જાણતા સદ્‌ગુણો,
સત્ત્વ છે, કે રજસ કે તમસ ધારવું.

એમ એ પામતાં તો સમય જાય કૈં,
આદિ કે મધ્ય કે અંતથી કાંતવું.

હસ્તમાં પદ્મ ધારણ કર્યું જેમણે,
શંખ છે, ચક્ર છે ને ગદા શોભવું.

છે ત્રણે સાથમાં, સાથમાં જે રહે,
મન, વચન, કર્મથી મોક્ષને પામવું.

એમ 'ચાતક' તને જો તરસ હોય તો,
મેઘ છે, વીજ છે, જળ વરસતું નવું.

ટેરવાંનો સ્પર્શ જો નોખો થયો,
લે પ્રણયનો સાવ ભુક્કો થયો.

રણ તરસતું ટળવળે છે જળ વિના,
પ્યાસનાં શમણાં તણો તુક્કો થયો.

વાદળી તો આખરે વરસી નહીં,
તોય જળ ધારણ તણો ધોખો થયો.

એમ સાગર હો છલકતો છો ભલે,
આચમન જાણે પછી ખોબો થયો.

એટલે 'ચાતક' તરસ તડપાવતી,
ઝાંઝવા તો જળ તણો ફોટો થયો.

કટારી કાળજે વાગી તમારી યાદ આવે છે,
રહું છું રાતભર જાગી તમારી યાદ આવે છે.

દિવસ તસવીર જોઉં રાતભર આવો તમે સ્વપ્ને,
મને લગની જ છે લાગી તમારી યાદ આવે છે.

કદી શું ફૂલ ને ફોરમ જુદાં હો એકબીજાથી,
ચકોરે ચાંદની માગી તમારી યાદ આવે છે.

કદી સરખામણી થાયે તમારા સમ કહી દઉં છું,
કિશન રાધા જ અનુરાગી તમારી યાદ આવે છે.

ઉખાડી ચાંચ ને રાખી પીવા વરસાદને ‘ચાતક’
મિટાવો પ્યાસ છે લાગી તમારી યાદ આવે છે.